**બિજલ પટેલ**
**મેયર**



તા. ૧૫-૧૦-૨૦૨૦

## શુભેચ્છા સંદેશ

બેંગાલ કલ્ચરલ એસોસીએશન અમદાવાદ સંસ્થા દ્વારા છેલ્લા ૮૩ વર્ષ થી દુર્ગા પુજા ઉત્સવનું આયોજન કરી રહી છે. તેવી જ રીતે આ વર્ષે આગામી તારીખ ૨૧ ઓક્ટોબર થી ૨૬ ઓક્ટોબર ૨૦૨૦ દરમ્યાન શ્રી શ્રી દુર્ગા પુજા ઉત્સવ ઉજવવાનું આયોજન કરી રહ્યું છે તે જાણી આનંદ થયો.

સમગ્ર ભારતામાં નવરાત્રીનો ઉત્સવ વિવિધ રીતે ઉજવવામાં આવે છે જેમાં શક્તિની પુજા, આરાધના, જપ અને તપ સાથે ધાર્મિક ભાવનાસભર વિવિધ કાર્યક્રમોનું આયોજન સમાજની ધર્મપ્રેમી જનતાના ઉત્સાહમાં વધારો કરી ભક્તિમાં લીન થઈ દુર્ગામાતાની આરાધના દ્વારા આત્મકલ્યાણ માટેની ઉમદા પ્રેરણા પુરી પાડે છે જે આવકાર્ય છે.

બેંગાલ કલ્ચરલ એસોસીએશન અમદાવાદ સંસ્થા દ્વારા દર વર્ષે પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમો, તહેવારો અને રમતગમતની પ્રવૃતીઓ કરવાનું કાર્ય કરી રહેલ છે જે ખરેખર બિરદાવવાને પાત્ર છે અને સામાજીક કાર્યક્રમોનું આયોજન કરી પરંપરા અને સંસ્કૃતિનું જતન કરી સમાજ સેવાનું સુંદર કામ કરી રહી છે ત્યારે બેંગાલ કલ્ચરલ એસોસીએશન અમદાવાદ દ્વારા તેની ધાર્મિક અને સામાજીક પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવું છું તેમજ માં દુર્ગાના આશીર્વાદ સાથે આયોજીત દુર્ગા પુજા ઉત્સવની સફળતા પ્રાર્થું છું.

આપની સ્નેહાધિન,

Bijal Patel

(બિજલ પટેલ)
મેયર

બેંગાલ કલ્ચરલ એસોસીએશન અમદાવાદ,
અમદાવાદ કાલીબારી, શિવાલીક વિલા બંગ્લોઝ પાસે,
કાલીબારી રોડ, આબંલી,અમદાવાદ-૩૮૦ ૦૫૮.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**મહાનગર સેવા સદન, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.**
ફોન : (ઓ) ૦૭૯-૨૫૩૨ ૯૦૦૯ મેયર બંગલો : ૦૭૯-૨૬૪૬ ૩૪૪૫ મો.: ૯૩૨૭૪ ૨૬૦૧૯ ફેક્સ : ૦૭૯-૨૫૩૫ ૨૯૮૮
**E-mail :** mayor@ahmedabadcity.gov.in • **Website :** www.ahmedabadcity.gov.in